# શ્રી શત્રુંજય - મુક્તિ સમ્યગ્જ્ઞાન અભ્યાસક્રમ

સા વિદ્યા યા વિમુક્તયે

પ્રથમ વર્ષ અભ્યાસક્રમ-૨

જુલાઈ 2019

## પ્રશ્ન પત્ર

ગુણાંક ૧૦૦

**સુચના** (૧) નામ અને એનરોલમેન્ટ નંબર વિનાનો પેપર રદ્દ કરવામાં આવશે. (૨) લાલ પેનનો ઉપયોગ કરવો નહીં. (૩) જવાબ પેપર માંજ ખાના માં જવાબ લખવાનો છે સાથે બીજો પેપર જોડવાનો નથી. (૪) ન સમજાય એવા અક્ષરોવાળા જવાબ તપાસવામાં આવશે નહીં. (૫) જવાબ પત્ર દરેક મહિનાની તા. ૫ થી તા. ૨૫ સુધીમાં મોકલાવાના રહેશે. આગળ-પાછળ આવેલા પેપર તપાસવામાં આવશે નહીં. (૬) બધા જવાબો અભ્યાસક્રમના આધારે જ લખવાના છે. (૭) જે મહિના ના પ્રશ્ન પત્ર છે તે પછી ના મહિના ની ૨૫ તા. સુધી તમારા ગુણાંક તેમજ સાચા ઉત્તર ઇન્ટરનેટ ઉપર આપવા માં આવશે એના પછી આવેલા ઉત્તરપત્ર સ્વીકારાશે નહીં. તેમજ એના માટે ફોન ઉપર જવાબ આપવા માં આવશે નહીં.

**પ્રશ્ન -૧** ખાલી જગ્યા પુરો. ૨૦

૧) ભોજનની આપણા મન ઉપર અને એના વ્દારા ..................પર અસર થાય છે.
૨) વસ્તુના વિશેષધર્મને જ વિશેષોપયોગ અને ...................પણ કહેવાય છે.
૩) જે ક્રિયા અથવા નિયમોને અનુસરવાથી શ્રધ્દારૂપ સમ્યક્દર્શનની વૃદ્દિ થાય તે............................
૪) ......................વાળા સ્થાનમાં રહેવાથી બાળકો કુસંગે ચઢીને ખોટા માર્ગે ચઢવાની સંભાવના હોય છે.
૫) બાહુબલિયે પ્રભુને પાંચ સાદ કર્યા તે ઉપરથી લોકમાં .....................પોકરવાની રીત ચાલી.
૬) જૈનધ્વજમાં કેશરી રંગ છે જે .................પદ દર્શક છે.
૭) સહુ સાથેના મૈત્રી ના સંબધોમાં આગ લગાડનાર ક્રોધ ને જીતવા ................ની સાધના કરવી પડે છે.
૮) જીવનમાં શાંતિ અને પ્રસન્નતાનું સામ્રાજય સ્થાપવું હોય તો ................નો ત્યાગ કરવો જેઇએ.
૯) ................ના અંતરમાંથી નિકળેલા નિસાસામાં લીલી વાડીને વેરાન વગડો બનાવવાની તાકાત છે.
૧૦) પૈસા મેળવવા માટે કરાતા દરેક પુરૂષાર્થની સાથે ............ની મર્યાદાને જોડવી અત્યંત આવશ્યક છે.
૧૧) જો..................માં હર્ષ હતો તો વિયોગમાં શોક થશે જ.
૧૨) જન્મ મરણનાં બધાજ દુ;ખો અને દુર્ગતિઓનો અંત લાવવાનો ઉપાય છે.................નું જ્ઞાન.
૧૩) સર્વ જીવોને ................બનાવવાની ભાવના જ્યારે ચરમસીમાએ પહોંચે ત્યારે પોતાના સુખ કરતાં બીજાના સુખનો વિચાર વધારે સતાવે છે.
૧૪) પુદ્ગલના સમુહથી પ્રગટ થયેલી આત્માની વિશેષ પ્રકારની જીવનશકિત તે .............કહેવાય છે.
૧૫) જ્યાં જ્ઞાની અને...................ના સત્સંગની જ સંભાવના ન હોય ત્યાં સેવા કયાંથી આવે?
૧૬) પગમાં જેમ કાંટો ખટકે એમ આપણને આપણું ...............ડંખે અને પીડા આપે તો જ એમાંથી બહાર નિકળવાની પ્રવૃત્તિ થાય.
૧૭) પ્રભુના શાસનની સુરક્ષા માટે તેમજ ચતુર્વિધ શ્રી સંઘને મોક્ષમાર્ગની સાધાનમાં સહાયક બનવા માટે ............ ની સ્થાપના થતી હોય છે.
૧૮) ...................સર્વભક્ષી છે.
૧૯) જેની સંપત્તિ સાત ક્ષેત્રમાં વપરાતી નથી એની સંપત્તિ.................બરબાદ થઇ જાય છે.
૨૦) મહાપુરૂષોના માર્ગને અનુસરવા જીવનમાં જે ગુણોની જરૂરીયાત છે એ ગુણો ...............ના નામે ઓળખાય છે.

**પ્રશ્ન -૨** એકજ શબ્દમાં જ્વાબ આપો. ૧૫

૧) ઋષભદેવના દર્શનથી કોને જાતિસ્મરણ જ્ઞાન થયું?
૨) પિતાની ભકિત માટે કોણે લગ્ન ન કરવાની અને રાજા ન બનવાની પ્રતિજ્ઞા કરી હતી?
૩) મન, વચન અને કાયાથી ઉત્પન્ન થતી અસત્ પ્રવૃત્તિને રોકવી તેને શું કહેવાય?
૪) નમિ વિનમી ને કોણે પ્રસન્ન થઇ વિદ્યાઓ આપી?
૫) ઋષભદેવ પ્રભુના પ્રથમ ગણધર કોણ હતા?
૬) ઇચ્છાનિરોધ કયું તપ છે?
૭) ચંડામાં ગરમ પાણી નાંખવાંથી શું થાય?
૮) પ્રભુ ઋષભદેવનું નિર્વાણ અવસર્પિણીના કયા આરા માં થયું?
૯) મનગમતા ઉપર રાગ અને અણગમતા ઉપર વ્દેષ કોણ ન કરે.
૧૦) પ્રણિપાત સૂત્રથી પૂજ્યોને શું સંબોધનથી વંદન કરાય છે?
૧૧) કયા જીવો કોઇ વસ્તુને છેદી ભેદી ન શકે પરંતુ સ્વંય અન્ય વસ્તુથી છેદાય ભેદાય તેમજ અગ્નિથી બાળી શકાય?
૧૨) કપ્પવડિંસિયા શું છે?
૧૩) ભગવાન મહાવીરસ્વામીના જીવને તીર્થંકર પદ સુધી પહોંચાડનાર કયો ગુણ હતો?
૧૪) પંચપરમેષ્ઠિના બહુમાનથી કયા દુ:ખો નું નાશ થાય છે?
૧૫) સર્વ ગુણોનો નાશ કરનાર કષાય કયો?

**પ્રશ્ન -૩** નીચે આપેલા શબ્દોના અર્થ લખો. ૧૦

૧) મત્થેણ ૨) અપજ્તાં ૩) ધારયતિ ૪) અભિનિવેશ ૫) ઘણતણુ ૬) પલંકા ૭) નાસિકા ૮) જ્ઞાયતે ૯) અસન્નિ
૧૦) ખમાસમણો ૧૧) કમેણ ૧૨) અંકુર ૧૩) બુધ્દીએ ૧૪) ચરન્તિ ૧૫) ઉવઓગો ૧૬) ઉપ્ભામગ ૧૭) આણ-પાણ
૧૮) સાહારણ ૧૯) જીયઠ્ઠાણ ૨૦) તાપયતિ

**પ્રશ્ન – ૪ જોડકા જોડો ( ફક્ત બી નો નંબર લખો.)** ૧૦

| | એ | બી |
|---|---|---|
| ૧ | રાયપસેણી | ૧ કષાય |
| ૨ | માન | ૨ અંગ |
| ૩ | ભીષ્મ પિતામહ | ૩ મદ |
| ૪ | અજીર્ણ | ૪ પાલક |
| ૫ | સુકૃત | ૫ ગાંગેય |
| ૬ | ઐશ્વર્ય | ૬ બેઇન્દ્રિય |
| ૭ | અનંતકાય | ૭ રોગોનું મૂળ |
| ૮ | ઇયળ | ૮ ચઉરેન્દ્રિય |
| ૯ | માખી | ૯ અનુમોદના |
| ૧૦ | સમવાયાંગ | ૧૦ ઉપાંગ |

**પ્રશ્ન–૫ નીચેના પ્રશ્નોના જવાબ સંખ્યામાં લખો.** ૧૦

૧) માર્ગાનુ સારીના ગુણો કેટલા?
૨) નમિ વિનમિ ને ધરણેન્દ્રે કેટલી મહાવિદ્યાઓ આપી?
૩) સંજ્ઞી પંચેન્દ્રિય ને કેટલા પ્રાણ?
૪) ઋષભદેવ પ્રભુની સાથે એક જ સમય માં કેટલા સિદ્ધ થયા?
૫) આંતરશત્રુ કેટલા?
૬) શીયલવ્રતની વાડ કેટલી?
૭) આચાર્ય ભગવંતના ગુણ કેટલા?
૮) ઉપયોગ ના પ્રકાર કેટલા?
૯) ઋષભદેવ પ્રભુનુ આયુષ્ય કેટલું ?
૧૦) ચારિત્રના પ્રકાર કેટલા?

**પ્રશ્ન–૬ નીચેના વાક્યો સાચા (✓) છે કે ખોટા ( × ) તે જણાવો .** ૧૦

૧) જે ક્રિયા અથવા નિયમોને અનુસરવાથી સમ્યક્ તપની વૃદ્દિ થાય તે વીર્યાચાર.
૨) જૈન ધ્વજનાં મધ્યમાં શ્વેત વર્ણ છે.
૩) ઉપાધ્યાય મહારાજ નાં ૨૭ ગુણો હોય છે.
૪) આપણા જીવનમાં ઉદ્ભટ વેશનો ત્યાગ કરી ઉચિત વેશનો સ્વીકાર કરવો જોઇએ.
૫) બલીન્દ્રે પ્રભુની ઉપરની ડાબી દાઢા લીધી.
૬ ભરત મહારાજાએ ધર્મચક્ર તીર્થ પ્રવર્તયું.
૭) બેતાલીસ દોષ રહિત ગવેષી ગોચરી લેવી તે એષણા સમિતિ.
૮) અર્ણિકાચાર્ય પોતાની જખમમાંથી પાણીમાં પડતા લોહીના ટીપાં જોઇને અસ્વસ્થ થઇ ગયા.
૯) સ્પર્શ અને ઘ્રાણેન્દ્રિય સહિત જીવો બેઇન્દ્રિય છે.
૧૦) મન,વચન અને કાયાના આલંબનથી પ્રવર્તતું વીર્ય તે કરણવીર્ય.

**પ્રશ્ન–૭ નીચેના કયા પાના પર છે તે પાના નંબર જણાવો.** ૧૦

૧) કેવળજ્ઞાનીને સમયે સમયે જ્ઞાનમાંથી દર્શન માં, અને દર્શનમાંથી જ્ઞાનમાં સાદિ અનંત પરિવર્તન ચાલે હોય છે.
૨) રાજન! કિલ્લાનાં પાયામાં નીતિથી મેળવેલી દસ સોનામોહોર નાખી દે. કામ થઇ જશે.
૩) આજે વિશ્વમાં પોતાના સ્વાર્થ ખાતર ઉડાઉ બનવાની વૃત્તિ જોવા મળે છે પણ મારી સંપત્તિ સહુની સમાધિ માટે થાવ એવી ઉદારતા વિરલાઓ પાસે જોવા મળે છે.
૪) જેવો સંગ તેવો રંગ એ ઉકિત મુજબ આપણું ઘર અયોગ્ય વાતાવરણમાં એટલે દુરાચારી અને ખરાબ સંસ્કારોવાળા માણસો જયાં વસતા હોય એવા લતામાં ન હોય.
૫) પૂર્વદ્દારથી પ્રભુ સમવસરણમાં પ્રવેશ્યા. ચૈત્ય વૃક્ષને પ્રદક્ષિણા આપી સિંહાસન ઉપર બિરાજમાન થયા.
૬) ભડકીલા વસ્ત્રો.......ઉદ્ભટ વેશ...... શણગારનો અતિરેક આ બધું યુવાનોને ન આકર્ષે તો બીજું શું થાય?
૭) વધારે પડતા બટાટા, સુરણ,બીટ આદિના સેવનથી જ્ઞાનતંતુઓ જડ થતા જાય છે.
૮) કામવિજેતા બનવું હોય તો ખાવામાં, પીવામાં, રહેવામાં, વેશ અને વસ્ત્રભુષામાં સાદગી અપનાવવી જરૂરી છે.
૯) જીવ વિચાર જાણ્યા પછી પણ જીવનમાં જયણા ન આવે તો આપણું જ્ઞાન નિષ્ફળ થાય છે.
૧૦) નિંદા કરવાનો રસ અને ચટકો એવો છે કે જેથી નિંદા કરતી વખતે ભાન ગુમાવી આપણે ઉપકારી અને ગુણવાન મહાત્મા ઓની પણ નિંદા કરવામાં પીછેહટ કરતા નથી.

**પ્રશ્ન–૮ તમારી ભાષામાં સમજાવો.** ૧૫

૧) ઓમ ૨) ઉચિતવ્યય ૩) સંગ તેવો રંગ ૪) પર્યાપ્તિ ૫) ધર્મચક્રતીર્થ

**જવાબ પત્ર નીચે ના સરનામે મોકલશોજી**
શત્રુંજય એકેડમી, શ્રી પદ્મપ્રભસ્વામી જૈન મંદિર, સ્ટેશન રોડ, ચાળીસગામ - ૪૨૪ ૧૦૧.
જી. જળગામ. મો. ૯૦૨૮૨૪૨૪૮૪
સાચા પરિણામ અને સાચા ઉત્તર માટે વેબ સાઇટ www.shatrunjayacademy.com